# ભગવાન નગરચર્યાએ નિકળ્યા પરંતુ ભકતોને દર્શન ન થયા

## ભગવાનનો રથ ૨.૭૫ કીમીની નગરચર્યા કરી નિજમંદિર પરત આવી જતા સેકટરવાસીઓને રથયાત્રાના દર્શન ન થયા : દિવસ દરમિયાન મંદિર પરિસરમાં ભગવાનના દર્શન કરવા માટે ભાવિકોની સતત અવરજવર







**સે-૨૨ પંચદેવ મંદિરે થી સવારે આરતી અને પુજાવિધી બાદ ભગવાન જગન્નાથજીના રથનુ પ્રસ્થાન કરાયુ : પંચદેવ યુવક મંડળના યુવાનોની ટીમે ભગવાનનો રથ ખેંચ્યો : ભાવિકો માસ્ક પહેરીને સ્વયંશિસ્તમાં જોવા મળ્યા : રથયાત્રામાં માત્ર એક પોલીસ પેટ્રોલીંગની જીપ સિવાય અન્ય કોઇ વાહનો નહીં. ભાવિકો પગપાળા જ જોડાયા : રથયાત્રા નિજમંદિર પરત ફર્યા બાદ ભગવાનના રથ પર અમીછાંટણા થયા : મહીલાઓ મંદિર પરિસરમાં ગરબે ઘુમી**

ગાંધીનગર તા ૧૨

સે-૨૨ સ્થિત પંચદેવ મંદિરેથી સવારે પુજા અર્ચના બાદ ભગવાન જગન્નાથજીની દિવ્ય રથયાત્રાનુ પ્રસ્થાન થયુ હતુ. કોરોનાની ગાઈડલાઈન મુજબ ભગવાનની રથયાત્રામાં કોઈ વાહનો કે ભકતોની વિશેષ ભીડ જોવા મળી ન હતી. જયરણછોડ .. માખણચોરના .. જયઘોષ વચ્ચે પ્રસ્થાન થયેલી રથયાત્રા માત્ર ૨.૭૫ કી મી ના રૂટમાં ફરીને માત્ર બે કલાકમાં જ નિજમંદિર પહોંચી ગઈ હતી. વાદળિયા વાતાવરણ વચ્ચે સવારે પ્રસ્થાન થયેલી રથયાત્રા સે-૨૨ માં થી ચ-૬ વૈજનાથ મંદિર થઈને નિજમંદિર પરત થઈ ગઈ હતી. ભગવાન જગન્નાથ નગરચર્યાએ નિકળ્યા પરંતુ ભકતોને દર્શન થયા નહી..

રથયાત્રાના ટુંકા રૂટમાં ભાવિકોએ દુરથી ભગવાનના દર્શન કરી ધન્યતા અનુભવી હતી. રથયાત્રા નિજમંદિર આવ્યા બાદ રથ પર અમીછાંટણા થયા હતા. મહીલાઓ બે ઘડી રથ ફરતે ગરબે ઘુમી હતી.

ભગવાન જગન્નાથજીની રથયાત્રા આજે ઉમળકાભેર મંદિરેથી પ્રસ્થાન થઈ હતી. જય રણછોડ ...માખણચોર... ના જયઘોષ સાથે સવારે પંચદેવ મંદિરના પરિસરમાં ધર્માચાર્ય ફુલશંકર શાસ્ત્રીજી અને નિલકંઠ વ્યાસના હસ્તે ભગવાનની આરતી અને પુજા વિધી કરવામાં આવી હતી.સે-૨૨ પંચદેવ મંદિરેથી સવારે ૭ :૩૦ કલાકે રથયાત્રાનુ પ્રસ્થાન કરવામાં આવ્યુ હતુ. મંદિર પરિસરમાંથી પંચદેવ મંદિરના યુવાનોએ ભગવાનનો રથ આગળ ખેંચીને રથયાત્રાને પ્રસ્થાન કરાવ્યુ હતુ. રથયાત્રાના પ્રસ્થાન વેળાએ મંદિર પરિસરમાં ભગવાનના દર્શન માટે ભાવિકોમાં વિશેષ ઉત્સાહ જોવા મળ્યો હતો જયારે કોવિડને અનુલક્ષી ભગવાનના રથ પાસે ભીડ ન થાય તેની પણ પુરતી તકેદારી રાખવામાં આવી હતી. શહેર વસાહત મહામંડળના પ્રમુખ અરૂણ બુચ, શહેર ભાજપ પ્રમુખ રૂચિર ભટ્ટ, પ્રદેશ કોંગ્રેસ સમિતિના નિશિત વ્યાસ, વેપારી અગ્રણી કાલીદાસ પટેલ,પુર્વ મેયર પ્રવિણ પટેલ, પુર્વ મેયર રીટાબેન પટેલ,જયોતિ મહીલા મંડળના પ્રમુખ ડો ચેતના બુચ, રથયાત્રા સમિતિના દિનેશ કાપડીયા પંચદેવ યુવક મંડળના પ્રમુખ અતુલ નાયક , અખિલેશ પુરોહીત સહીત મંડળના યુવા સભ્યોએ હાજરી આપી હતી. જય રણછોડ .. માખણચોર..ના જયઘોષ સાથે ભગવાનનો રથ મંદિર પરિસરથી જમણી બાજુએ સે-૧૭ ૨૨ તરફ આગળ વધ્યો હતો. પંચદેવ મંદિરના ૨૦ યુવાનોની ટીમે ભગવાનનો રથ આગળ ખેંચ્યો હતો.

જયારે રથ પાસે ભાવિકોની ભીડ ન થાય તે માટે અન્ય ૨૦ યુવાનોની ટીમે રથને કોર્ડન કર્યો હતો. ભગવાનના રથની આગળ પોલીસ પેટ્રોલીંગની જીપ સિવાયઅન્ય કોઈ વાહન રથયાત્રામાં કરાયુ ન હતુ. ભગવાનની આ નગરચર્યા દરમિયાન રથ ખેંચતા યુવાનો અને યાત્રામાં પગપાળા જોડાયેલા ભાવિકોએ સતત મોં પર માસ્ક પહેરી રાખ્યુ હતુ. જયારે જરૂર મુજબ સોશિયલ ડીસ્ટન્સીંગ પણ કેળવવાનો પ્રયાસ કર્યો હતો. સે-૧૭ :૨૨ પહેલા જ સેકટરના રીંગ રોડ પરથી રથયાત્રા આર્યુવેદિક દવાખાના તરફ જવાના માર્ગ પર આગળ વધી હતી. રથયાત્રાના રૂટમાં સેકટરવાસીઓએ માર્ગની એક બાજુ દુર ઉભા રહીને જગતના નાથના દર્શન કર્યા હતા. સેકટરની મહીલાઓએ પણ દુરથી રથ પર ચોખા પધરાવીને ભગવાનના દિવ્ય રથનુ સ્વાગત કર્યુ હતુ.

રથયાત્રા આગળ વધીને સે-૨૨ ઢોર ડબ્બા પાસેથી સે-૨૨ ૨૯ થઈને ચ-૬ પાસે પહોંચી હતી. રથયાત્રાના રૂટમાં યાત્રાના આગમન પુર્વે નજીકમાં રહેતી શ્રમિક મહીલાઓએ ઘડાથી પાણી રેડીને રથયાત્રાના માર્ગને ચોખ્ખો કર્યો હતો. ચ -૬ પાસે પહોંચેલી રથયાત્રાનુ સે -૨૧ વૈજનાથ મંદિરના પુજારી દ્વારા ભવ્ય સ્વાગત કરાયુ હતુ. વૈજનાથ મહાદેવ મંદિર પાસે ભગવાનની ભવ્ય આરતી અને પુજા વિધી કરવામાં આવી હતી.

ત્યારબાદ ધીમે ધીમે રથયાત્રા રૂટમાં આગળ વધી હતી. રથયાત્રા દરમિયાન કોઈપણ પ્રકારની ભીડ ન થાય તે માટે રૂટમાં કોઈપણ જગ્યાએ યાત્રાએ વિરામ લીધો ન હતો. જય રણછોડ માખણચોરના જયઘોષ અને ભક્તિ અર્ચના અને ભજન સાથે રથયાત્રા શાંતિપુર્ણ માહોલમાં સે-૨૨ પંચદેવ મંદિર પહોંચી હતી. માત્ર દોઢ થી બે કલાકમાં જ રથયાત્રાનો ટુંકાવેલો રૂટ સંપન્ન કરી ભગવાન જગન્નાથજી , બહેન સુભદ્રા અને બલભદ્રજીનો રથ નિજમંદિર પરત આવી ગયો હતો. જયાં ભગવાનની પુજા આરતી કરવામાં આવી હતી. રથયાત્રા મંદિર પરત આવી જતા ભાવિક મહીલાઓ ભગવાનના રથ ફરતે ગરબે ઘુમી હતી. ભગવાનનો રથ નિજ મંદિરે પહોંચ્યા બાદ મેઘરાજાએ અમી છાંટણા વરસાવ્યા હતા.

## મહીલાઓએ દુરથી અક્ષત વડે રથયાત્રાનુ સ્વાગત કર્યુ

ભગવાન જગન્નાથજીની રથયાત્રા દરમિયાન આ વર્ષે રથયાત્રાનો રૂટ ટુંકાવી દેવાતા માત્ર ૨.૭૫ કી મીના રૂટમાં જ ભગવાને નગરચર્યા કરી હતી. સવારના સમયે રૂટમાં અટક્યા વિના રથયાત્રા એકધારી આગળ વધતી રહી હતી. જયારે સેકટરવાસીઓએ પણ પોતાના ઘરની ગેલેરી તેમજ માર્ગની એકબાજુ દુર ઉભા રહીના દર્શનનો લાભ લીધો હતો. રથયાત્રના રૂટમાં સેકટરની મહીલાઓએ દુરથી જ અક્ષત પધરાવી ભગવાનની રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ.

### ભાવિકોએ સ્વયંશિસ્ત દાખવી ભીડ ન કરી

રથયાત્રા સવારે પંચદેવ મંદિરથી પ્રસ્થાન થયા બાદ રૂટમાં સ્વાગત કે પુજા આરતી માટે અટકી ન હતી. સે-૨૧ વૈજનાથ મંદિરના પુજારીએ પુજા આરતી કરી રથયાત્રાનુ સ્વાગત કરાયુ હતુ. જયારે સેકટરવાસીઓએ પણ દુરથી જ ભગવાનના રથના દર્શન કરી સ્વંયશિસ્ત દાખવી હતી. જેથી સેકટરના રીંગ રોડ પરથી પસાર થતી યાત્રા દરમિયાન કયાંય પણ ભીડ ભાડ થઈ ન હતી.

### રથમાં સ્થાપિત સુદર્શન ચક્ર ભાવિકો માટે આકર્ષણનુ કેન્દ્ર

ભગવાનના રથને વિશેષ રીતે સુશોભિત કરાયો હતો. ફુલોથી સુશોભિત ભગવાનના દિવ્ય રથમાં સુદર્શન ચક્ર પણ ભાવિકો માટે આકર્ષણનુ કેન્દ્ર બન્યુ હતુ. રથયાત્રાની પુર્વે સંધ્યાએ જ રથમાં આ સુદર્શન ચક્રને સ્થાપિત કરાયુ હતુ. સવારે ભગવાની પુજા આરતી દરમિયાન ભાવિકોએ સુદર્શન ચક્રના પણ દર્શન કર્યા હતા.

### મંદિર પરિસર વૃક્ષોનુ વાવેતર કરાયુ

ભગવાનની રથયાત્રા નિજ મંદિર પરત આવ્યા બાદ પંચદેવ મંદિરના ધર્માધ્યક્ષ તેમજ પંચદેવ યુવક મંડળના યુવાનોએ મંદિર પરિસરમાં ભગવાનને પ્રિય એવા વાંસ, કદંબ, સોપારી અને તુલસી સહીતના રોપાઓનુ વાવેતર કર્યુ હતુ. આ તબકકે ભગવાનના રથ પર અમીછાંટણા થયા હતા.

### ભાવિકોએ ભગવાનના દિવ્ય રથના દર્શનનો લાભ લીધો

ભગવાન જગન્નાથજીની રથયાત્રાનો રૂટ ટુંકાવી દેવાતા સવારે ઝડપથી રૂટ સંપન્ન કરીને રથયાત્રા નિજમંદિર પરત આવી ગઇ હતી જયારે ભાવિકોને દિવસ દરમિયાન ભગવાનના દર્શનનો લાભ મળે તે માટે મંદિર પરિસરમાં પાછળ રથના દર્શન કરવા માટે પણ દિવસ દરમિયાન સતત ભકતોની અવરજવર રહી હતી. રથયાત્રાના પર્વની શાંતિપુર્ણ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી હતી. કોરોનાને અનુલક્ષી રથયાત્રા સમિતિએ નક્કી કરેલા આયોજન મુજબ સરકારની ગાઈડલાઈનના પુરતા પાલન સાથે રથયાત્રા મહોત્સવ સંપન્ન થયો હતો.

# પ્રોટોકોલ તોડી ગ્રામજનોને બસસ્ટેન્ડમાં મળવા ગૃહમંત્રી અમીત શાહ પહોંચ્યા

**બાળકોને પણ વ્હાલ કર્યું : ૩ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોને વિકાસ યોજનાઓના લાભથી આવરી લેવાની કાર્યયોજના બનાવી છે : તમને સરકારી યોજનાનો લાભ મેળવવામાં તકલીફ પડે તો ફોન કરજો**



ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર સંસદીય મત વિસ્તારના સાંસદ અને કેન્દ્રના ગૃહ-સહકાર વિભાગના મંત્રી તેમના મત વિસ્તારના આજે બીજે દિવસે કલોલ અને ગાંધીનગર વિધાનસભા મતવિસ્તારમાં હતા.

નારદીપુર ખાતે રૂ. ૧.૫૦ કરોડના ખર્ચે પુરાણા 'હેર' તળાવના બ્યુટીફીકેશન કામનો આરંભ કરાવ્યા બાદ ઉપસ્થિત ગ્રામજનોને રૂબરૂ મળી તેમના પ્રશ્નોને જાણવાનો તેમજ ખબર-અંતર પુછવાનો તેમણે અનોખો અભિગમ અપનાવ્યો હતો. પ્રોટોકોલ તોડી તેઓ બસસ્ટેન્ડમાં બેઠેલા લોકોને જઈ પણ મળ્યા હતા. તેમણે રસી લીધી કે નહિ; કેમ છો તો યુવાઓ સાથે હસ્તધૂનન કર્યા હતા.

નારદીપુર ખાતે તેમના પ્રાસંગિક ઉદ્‌બોધનની વાતમાં જ તેમણે કહ્યુ હતુ કે ૨૦૨૪માં મત માગવા આવીશ ત્યારે હિસાબ લઈને આવીશ. હિસાબમાં કાચો નહિ પડુ અને પાઈનીય ભુલ કોઈ કાઢી નહિ શકે વાણિયાનો દિકરો છુ.

કેન્દ્રીય ગૃહમંત્રીએ નારદીપુર સાથેના સંસ્મરણોને વાગોળતા કહ્યુ હતુકે તેઓ નાના હતા ત્યારે ભાવનાબેન પાસે રાખડી બંધાવવા આવતા હતા. ભાવનાબેન અત્યારે અમેરિકા સ્થાયી થયા છે પણ તેમને ભાઈ ન્હોતો એટલે ભાઈ તરીકે તેઓએ મને સ્વીકાર્યો હતો અને રક્ષાબંધનના પર્વે અચૂક નારદીપુર આવતો હતો.

તેમણે કહ્યુ કે વિકાસમાં પૈસા ખર્ચાય પણ જાળવણી તો આપણે કરવાની છે. ગામે જવાબદારી લેવી પડશે સ્વચ્છતા જાળવવાની અને તેને નિભાવવાની.

અમીતભાઈએ તેમના ઉદ્‌બોધનમાં જ કહ્યુ હતુ કે તેમણે આગામી લોકસભાની ચૂંટણી પહેલાં તેમના વિસ્તારના વિકાસની કાર્યયોજના તૈયાર કરી લીધી છે. ત્રણ હજારથી વધુ વસ્તી ધરાવતા ગામોમાં સરકારની યોજનાઓના લાભ લોકો સુધી પહોંચે તે જોવામાં આવશે.

પ્રા. શાળાના પ્રાંગણથી લઈ કોઈ પણ પ્રશ્નો હોય તેમાં તકલીફ પડે તો તમે મારા કાર્યાલય પર ફોન કરજો. મારા કાર્યાલયનો નંબર ૭૩૮૩૪-૭૩૮૩૪ છે.

ગૃહમંત્રીએ જણાવ્યુ હતુ કે કોરોનાથી બચવા સૌએ રસી લેવી જોઈએ. આજે ઘણા બધાએ એક ડોઝ લીધો હોવાનું કહ્યુ છે પણ તેમણે વેક્સિનેશન અભિયાન સઘન કરવા ટકોર કરી હતી.

ગૃહમંત્રીએ જણાવ્યુ કે મહામારીમાં મુશ્કેલીઓ કોઈને ના પડે તે માટે સસ્તા અનાજની દુકાનોથી મફત અનાજ આપવાની જાહેરાત કેન્દ્ર સરકારે કરી છે તે અનાજ પગ ના કરી જાય અને જરૂરિયાત ધરાવતા પરિવાર સુધી પહોંચે તે ભાજપનો કાર્યકર્તા જોશે.

રસીની તકલીફ હોય તો પણ ફોન કરજો વ્યવસ્થા થઈ જશે. મફત રસીકરણનો નિર્ણય કેન્દ્ર સરકારે કર્યો છે. રસી લેવી જરૂરી છે. મેં પણ બન્ને ડોઝ લીધા છે અને આજે આ તમારી સામે અડીખમ ઉભો છુ.

કેન્દ્રીય ગૃહમંત્રીએ જણાવ્યુ હતુ કે તેમના પક્ષનો સંકલ્પ છે લોક-કલ્યાણ યોજનાનો લાભ છેવાડાના માનવી સુધી પહોંચે અને તે માટે તેમના પક્ષનો કાર્યકર કડીરૂપ બનશે.

# વિકાસ સાથે સાથે વૃક્ષોનું જતન કરવું ખૂબ જ જરૂરી છે : અમિત શાહ

**નારદીપુર ગામના તળાવના નવીનીકરણ કામનું ખાતમુહૂર્ત અને વિવિધ ગામ- નગરપાલિકાના ૨૫ કરોડથી વધુના વિકાસ કામોનું ઇ-લોકાર્પણ-ખાતમુહૂર્ત : નાગરિકોને લાંબું આયુષ ધરાવતા વૃક્ષોનું વાવેતર કરી તેનું જતન કરી ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળી લોકસભા બનાવવાનું આહ્‌વાન કર્યું**





ગાંધીનગર, તા. ૧૨

વિકાસ સાથે સાથે વૃક્ષોનું જતન કરવું ખૂબ જ જરૂરી છે. ગાંધીનગર સંસદીય મત વિસ્તારમાં સમાવિષ્ટ વિસ્તારના નાગરિકોને લાંબુ આયુષ ધરાવતાં વૃક્ષોનું વાવેતર કરી, તેનું જતન કરી, ગાંધીનગર લોકસભા વિસ્તારને હરિયાળી લોકસભા બનાવવાનું આહ્‌વાન, આજરોજ ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકાના નારદીપુર ગામ ખાતે જિલ્લાના રૂપિયા ૨૫ કરોડથી વધુના વિકાસ કામોનું ઈ-લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરતા કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે કર્યું હતું.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે મને પશુ-પક્ષી સહિત કોઈ માનવી ભુખ્યો ન સૂવે તેવી આપણી સંસ્કૃતિ - પરંપરાને આજે પણ જીવંત રાખનાર નારદીપુર ગામમાં મને આવવાનું થયું છે. તેનો મને હરખ છે, તેવું કહી ગામ સાથે જોડાયેલી પોતાની જુની યાદોને તેમણે તાજી કરી હતી.

રૂપિયા ૧ કરોડથી વધુના ખર્ચે નવીનીકરણ થનાર નારદીપુર ગામના તળાવનું ખાતમુહૂર્ત કરી, ગ્રામજનો સાથે સીધો સંવાદ કરી ખબર-અંતર પૂછનાર કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઈ શાહે કહ્યું હતું કે મને આનંદ છે કે ગામના તમામ નાગરિકોએ એક કે બે ડોઝ કોરોનાની રસીના લીધા છે.



નારદીપુર ગામમાં કોઈ જન ભુખ્યો ન સૂવે તેવી ભાવના છે, તેવું કહી તેમણે કહ્યું હતું કે દેશમાં છેલ્લા દોઢ વર્ષમાં કોરોનાનો કપરો કાળ ચાલી રહ્યો છે, ત્યારે આગામી દિવાળી સુધી દેશના ૮૦ કરોડ નાગરિકોને મફત અનાજ આપવાની દેશના વડાપ્રધાને વ્યવસ્થા કરી છે. આ અનાજ સાચા લાભાર્થીને મળે તેમજ કોરોનાની રસી લેવામાં કોઇ તકલીફ ન પડે તે જોવા અગ્રણીઓને કહ્યુ હતુ.

તેમણે નારદીપુર ખાતે નવીનીકરણ થનાર તળાવ કેવું હશે, તેની ઝલક રજૂ કરી કહ્યું હતું કે ગામનું તળાવ નારદીપુર ગામનું ધબકતું હૃદય બનાવવું જોઈએ. આ જવાબદારી આપણા સૌની છે.

જિલ્લા કલેકટર ડૉ. કુલદીપ આર્યએ મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત કરીને નારદીપુર ગામની રસપ્રદ વાતો કહી આજે લોકાર્પિત થનાર વિકાસ કામોની ઝલક રજૂ કરી હતી. જે અનુસાર ગાંધીનગર તાલુકામાં રૂપિયા ૨૦ લાખથી વધુના ખર્ચે તૈયાર થયેલા ૬ કામોનું ઈ-લોકાર્પણ અને રૂપિયા ૧૦ લાખથી વધુના ખર્ચે થનાર ૪ વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત કરવામાં આવ્યું છે. કલોલ નગરપાલિકા વિસ્તારમાં રૂપિયા ૧૫ કરોડના ખર્ચે થનાર ૪ વિવિધ વિકાસ કામોનું ઈ-ખાતમુહૂર્ત અને ૫ કરોડથી વધુના ખર્ચે કરવામાં આવેલા ૩ વિકાસ કામોનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે. માર્ગ અને મકાન વિભાગ દ્વારા રૂપિયા ૪ કરોડથી વધુના ખર્ચે તૈયાર કરવામાં આવેલા બે વિકાસ પથનું પણ ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું છે.

ગામના તળાવનું ખાતમુહૂર્ત કર્યા બાદ કેન્દ્રીય ગૃહમંત્રી અમિતભાઇ શાહના હસ્તે તળાવના કિનારે વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. તેમણે તળાવના નવીનીકરણમાં શું શું કરવામાં આવશે, તેની વિગતો મેળવી હતી. તેમજ તળાવથી મુખ્ય કાર્યક્રમ સુધી ચાલતા ચાલતા આવી ગ્રામજનોનું અભિવાદન ઝીલ્યું હતું.

કાર્યક્રમના અંતે જિલ્લા વિકાસ અધિકારી સુશ્રી સુરભિ ગૌતમે આભારવિધિ કરી હતી. આ પ્રસંગે ગાંધીનગર જિલ્લા પંચાયત પ્રમુખ દિલીપભાઇ પટેલ, કલોલ નગરપાલિકાના પ્રમુખ ઉર્વશીબેન પટેલ, ગાંધીનગર જિલ્લા ભાજપ પ્રમુખ અનિલભાઇ પટેલ, કલોલ એ.પી.એમ.સી.ના ચેરમેન નવીનભાઇ પટેલ, નારદીપુર ગામના સરપંચ ચંદ્રિકાબેન પટેલ સહિત ગામના અગ્રણીઓ અને ગ્રામજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com